**ગુજરાત રાજ્ય**

**ગૃહ ખાતું**

પરિપત્ર ક્રમાંક-એસવીસી.-૧૦૬૫-૧૧-હ,

સચિવાલય, અમદાવાદ-૧૫, તા. ૨૦મી નવેમ્બર, ૧૯૬૫.

**પરિપત્ર**

ગુજરાત રાજ્ય તકેદારી પંચને મળતી ફરિયાદોની તપાસ બાબત માહિતી મંગાવવાની પદ્ધતિ અંગેના તા. ૧૭મી એપ્રિલ, ૧૯૬૫ના પરિપત્ર ક્રમાંક : એસવીસી.-૧૦૬૫-૧૧-હ, ના ફકરા-૨ અન્વયે તકેદારી પંચે રાજ્યપત્રિત અધિકારીઓ સામેની તપાસો સચિવાલયના લાગતા વળગતા ખાતાઓ મારફતે મોકલવાની તેમજ તેના અહેવાલો પણ પંચને લાગતા વળગતા સચિવાલયના ખાતાઓ દ્વારા જ મોકલવાના રહે છે. અમુક કિસ્સાઓમાં તપાસના અહેવાલ મેળવ્યા બાદ પંચને વિશેષ માહિતી મંગાવવાની થાય છે અગર અમુક અમુક મુદ્દાઓ ઉપર વિશેષ તપાસ કરાવવાની આવશ્યકતા રહે છે. આવી તપાસોમાં જે ઢીલ થાય છે તે નિવારવા માટે આથી નક્કી કરવામાં આવે છે કે, રાજ્યપત્રિત અધિકારીઓને લગતા કેસોમાં જે તે ખાતાના કે કચેરીના વડા પાસેથી તકેદારી પંચ બારોબાર આવી વિશેષ માહિતી મંગાવી શકે છે અને વિશેષ તપાસની જરૂરિયાત હોય ત્યાં બારોબાર તે માટે લખી શકે છે. આ અંગે જે પત્ર વ્યવહાર થાય તેની નકલો પંચે તેમજ જે ખાતાના કે કચેરીના વડાને લખાણ કરેલ હોય તેણે સચિવાલયના લાગતા વળગતા ખાતાને મોકલવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ટી. કે. જયરામન**
સરકારના નાયબ સચિવ